TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ પાંચમ શુક્રવાર ૧૯ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૨

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

US-ઈરાન વચ્ચે શાંતિ કરાર પર આખરે સહી

ફ્રાન્સના વર્સેલ્સ મહેલમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે કરારના પત્ર પર હસ્તાક્ષર કર્યા

બુધવારે મોડી રાત્રે ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને પણ હસ્તાક્ષર કર્યા

ઈરાન પરથી પ્રતિબંધો હટ્યા, મુક્તપણે તેલ વેચવાની મળી મંજૂરી; વૈશ્વિક સ્તરે મોટી રાહત

વોશિંગ્ટન, તા. 18 : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ઈરાન સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં તેહરાનને તેના અત્યંત સંવર્ધિત યુરેનિયમના ભંડારને પાતળો કરવા માટે કહેવામાં આવ્યું છે અને દેશ પરના અમેરિકા સમર્થિત પ્રતિબંધોને માફ કરવામાં આવ્યા છે, જેથી ઈરાનને મુક્તપણે તેનું તેલ વેચવાની તાત્કાલિક મંજૂરી મળશે, જે વોશિંગ્ટન તરફથી એક મોટી રાહત છે, એમ બંને દેશો દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર જાણવા મળ્યું છે.

યુદ્ધનો અંત લાવવાનો આ પ્રારંભિક કરાર બંને દેશોના નેતાઓએ તેના પર હસ્તાક્ષર કર્યા પછી તાત્કાલિક અસરથી અમલમાં આવશે, તેમ આ કરારમાં મધ્યસ્થી કરવામાં મદદ કરનાર પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. આ કરાર દુશ્મનાવટનો કાયમી અંત લાવવા માટે આહવાન કરે છે અને ઈરાનના પરમાણુ કાર્યક્રમના ભવિષ્ય પર અંતિમ કરાર સુધી પહોંચવા માટે ૬૦ દિવસની વાટાઘાટોનો સમય શરૂ કરે છે, જો કે ટ્રમ્પે ફરીથી હુમલા શરૂ કરવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. આ કરાર ઈરાનને બદલામાં બહુ ઓછું ગુમાવીને શરૂઆતમાં જ કેટલાક ફાયદાઓ આપતો હોય તેવું જણાય છે. આ કરારની વિગતો દિવસોથી ગુપ્તતા અને મૂંઝવણના પડદા પાછળ રહી છે. અમેરિકી અધિકારીઓએ એવું કહ્યા પછી પણ શરતો જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો કે ટ્રમ્પ અને ઉપપ્રમુખ જેડી વેન્સે વીકએન્ડમાં તેના પર ડિજિટલી હસ્તાક્ષર કર્યા હતા. બુધવારે મોડી રાત્રે ઈરાનના પ્રમુખ

...અનુસંધાન પાના 15 પર

હોર્મુઝમાંથી જહાજોની અવરજવર શરૂ થઇ ગઇ

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર થયા બાદહોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર ઝડપી બની છે. સાઉદી અરેબિયાના ધ્વજવાળા ત્રણ મોટા ઓઇલ ટેન્કરો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ ચૂક્યા છે. અલ જઝીરાના જણાવ્યા અનુસાર, આ સુપરટેન્કરોમાં આશરે ૬૦ લાખ બેરલ ક્રૂડ ઓઇલ ભરેલું હતું. આ સાથે જ મરીનટ્રાફિકના જણાવ્યા અનુસાર, ફ્રાન્સના ધ્વજવાળું એક એલએનજી ટેન્કર પણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરીને ખાડી વિસ્તારની બહાર નીકળી ગયું છે. કતારથી પણ એલએનજી લઈને નીકળેલું એક ટેન્કર હવે હોર્મુઝ સ્ટ્રેટ તરફ આગળ વધી રહ્યું છે. 'મરાઇખ' નામનું આ ટેન્કર આ જ મહિને કતારમાં લોડિંગ થયા બાદ ફેબ્રુઆરીથી પર્શિયન ખાડીમાં ફસાયેલું હતું. આ જહાજનો આગામી પડાવ પાકિસ્તાનનું પોર્ટ કાસિમ હોવાનું કહેવાય છે.

જરૂર જણાશે ત્યાં સુધી ઇઝરાયેલ લેબેનોનમાં રહેશે: નેતાન્યાહુ

ટાયર, ૧૮ જૂન (AP): ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગુરુવારે જણાવ્યું હતું કે ઇઝરાયેલની સેના દક્ષિણ લેબેનોનમાં જ રહેશે, જ્યાં તેણે સરહદથી ૧૦ કિલોમીટર સુધીના વિસ્તાર પર કબજો જમાવ્યો છે. અમેરિકા-ઈરાન કરાર પર હસ્તાક્ષર થયા પછી નેતન્યાહૂની આ પ્રથમ ટિપ્પણી હતી. નેતન્યાહૂએ જણાવ્યું હતું કે ઇઝરાયેલે દક્ષિણ લેબેનોનમાં સુરક્ષા ઝોન જાળવી રાખવો જ પડશે, અને જ્યાં સુધી ઇઝરાયેલની સુરક્ષા જરૂરિયાતો માટે તે જરૂરી રહેશે ત્યાં સુધી

...અનુસંધાન પાના 15 પર

જ્યાં હસ્તાક્ષર થયા તે વર્સાય પેલેસ વિશે જાણવા જેવું

ફ્રાન્સની રાજધાની પેરિસ નજીક આવેલો વર્સાય પેલેસ, જેને વર્સેલ્સ પેલેસ પણ કહેવાય છે તે વિશ્વના સૌથી પ્રખ્યાત રાજમહેલોમાં ગણાય છે. તેની શરૂઆત 1623માં રાજા લુઈ 13માના એક નાના શિકાર લોજ તરીકે થઈ હતી, પરંતુ પાછળથી તેમના પુત્ર લુઈ 14માએ તેને એક ભવ્ય શાહી મહેલમાં ફેરવી દીધો. 1682માં લુઈ 14માએ ફ્રાન્સનું શાહી દરબાર અને સરકાર પેરિસથી વર્સાય ટ્રાન્સફર કરી દીધા. ત્યારપછી ફ્રેન્ચ ક્રાંતિ (1789) સુધી આ મહેલ જ ફ્રાન્સની

...અનુસંધાન પાના 15 પર

આ કરાર સરળ ન હતો: ટ્રમ્પ

ટ્રમ્પે બુધવારે ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સાથે વર્સેલ્સમાં રાત્રિભોજન કરતી વખતે તેની ભૌતિક નકલ પર હસ્તાક્ષર કર્યા હતા, આ તે જ મહેલ છે જ્યાં સદીઓથી ઘણા ઐતિહાસિક કરારો પર હસ્તાક્ષર થયા છે, જેણે યુદ્ધો અથવા પ્રાદેશિક વિવાદોનો અંત આણ્યો છે. વ્હાઇટ હાઉસે શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર સમારોહનું આયોજન કર્યું હતું, પરંતુ યુએસ, ઈરાન અને પાકિસ્તાન તરફથી પરસ્પર વિરોધી માહિતી મળતાં હવે તેનું ભવિષ્ય અનિશ્ચિત છે. ટ્રમ્પે કહ્યું હતું કે આ કરાર સરળ ન હતો. ફ્રાન્સમાં ગ્રૂપ ઓફ સેવન (G7) સમિટની તેમની મુલાકાત બાદ વર્સેલ્સ ખાતેના રાત્રિભોજનમાંથી બહાર નીકળતી વખતે ટ્રમ્પે કહ્યું, તેના પર હસ્તાક્ષર થઈ ગયા છે. વ્હાઇટ હાઉસના એક સહયોગી દ્વારા ઓનલાઈન પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં, ટ્રમ્પ મેક્રોનની બાજુમાં એક ટેબલ પર બેસીને કરારની કાગળની નકલ પર હસ્તાક્ષર કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ ટ્રમ્પે દસ્તાવેજ અને પેન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોને સોંપ્યા જ્યારે કે રૂમમાં હાજર લોકોએ તાળીઓ પાડી હતી.

અમેરિકાએ એક ડઝનથી વધુ જહાજોને ઇરાની બંદરો પર જવા દીધા

વોશિંગ્ટન, તા. 18 (AP): ઉપપ્રમુખ જેડી વેન્સે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકન નૌકાદળે એક ડઝનથી વધુ જહાજોને ઈરાનના બંદરો સુધી જવાની મંજૂરી આપી છે, જે યુદ્ધનો અંત લાવવાના કરારના ભાગરૂપે નાકાબંધી હટાવવાનો સંકેત આપે છે. વેન્સે વ્હાઇટ હાઉસની પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી, જ્યાં તેમણે જણાવ્યું હતું કે હવે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી વધુ પ્રમાણમાં તેલનો પ્રવાહ વહી રહ્યો છે. રિપબ્લિકન ઉપપ્રમુખે જણાવ્યું હતું કે બુધવારે રાત્રે આ શિપિંગ ચેનલમાંથી ૧.૨૫ ક્રોડ બેરલથી વધુ તેલ પસાર થયું હતું. આ કરાર ઈરાનની તરફદારી કરતો હોવાની આલોચનાઓને નકારી કાઢતા, વેન્સે આને કરારના તત્કાલ લાભ તરીકે દર્શાવતા કહ્યું કે, તેથી અમે લશ્કરી મોરચે પણ કરારના પ્રારંભિક ભાગના અમારા વચનનું સન્માન કરી રહ્યા છીએ.

સ્વિત્ઝર્લેન્ડમાં આજે હસ્તાક્ષર સમારંભ અંગે અનિશ્ચિતતાના અમેરિકી ઉપપ્રમુખના સંકેત

વેન્સે જણાવ્યું હતું કે તેઓ ઈરાન કરાર પર વાટાઘાટો માટે સ્વિટ્ઝર્લેન્ડ જવાની યોજના બનાવી રહ્યા છે પરંતુ તેઓ જાણતા નથી કે તે ક્યારે થશે. આમ તો શુક્રવારે આ કરાર માટે ઐતિહાસિક સમારંભ યોજવાનો

...અનુસંધાન પાના 15 પર

હવે અમેરિકા સિવાય તમારું કોઇ સાથી નથી: વાન્સે ઇઝરાયેલીઓને કહ્યું

એક અસાધારણ ઠપકો આપતા, ઉપપ્રમુખ વાન્સે ઈઝરાયેલમાં રહેલા અમેરિકાના ટીકાકારોને ચેતવણી આપી કે તેઓ તેમના બચેલા એકમાત્ર શક્તિશાળી સાથી પર પ્રહારો કરવાનું બંધ કરે. તેમણે ઈઝરાયેલ સરકારના સભ્યો પર આકરા પ્રહારો કરતા તેમને ચેતવણી આપી કે આ સમયે સમગ્ર વિશ્વમાં ડોનાલ્ડ જે. ટ્રમ્પ એકમાત્ર એવા રાષ્ટ્રાધ્યક્ષ છે જે ઈઝરાયેલ દેશ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે.

મધ્યસ્થી પાકિસ્તાને ગેરંટર તરીકે હસ્તાક્ષર કર્યા

ઇસ્લામાબાદ. પશ્ચિમ એશિયામાં શાંતિ પુનઃસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય ધરાવતા 'ઇસ્લામાબાદ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ' પર પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે ગુરુવારે વાટાઘાટોના મુખ્ય મધ્યસ્થ તરીકે હસ્તાક્ષર કર્યા છે, તેમ તેમની કચેરીએ જણાવ્યું હતું. આ દસ્તાવેજ પર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન દ્વારા બુધવારે જ હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા હતા. વોશિંગ્ટન અને તેહરાન જે કરારના બે મુખ્ય પક્ષકારો છે તે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ પર શરીફના હસ્તાક્ષર સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનારા આયોજિત સમારોહના એક દિવસ

...અનુસંધાન પાના 15 પર

ટ્રમ્પે બૂમ પાડીને કહ્યું: હસ્તાક્ષર થઇ ગયા

હસ્તાક્ષર કરીને પ્રમુખ ટ્રમ્પ ફ્રેન્ચ પ્રમુખ મેક્રોનની સાથે વર્સાય પેલેસની બહાર નિકળતા એક પત્રકાર તેમને કરાર અંગ પૂછ્યું તો ટ્રમ્પે બૂમ પાડીને કહ્યું કે સહી થઇ ગઇ.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિરોધીઓને કહ્યા 'મૂર્ખ અને ઈર્ષાળુ'

ઈરાન સાથે યુદ્ધનો અંત લાવવા અને હોર્મુઝની સામુદ્રધુની ફરી ખોલવા માટે કરવામાં આવેલા શાંતિ કરારની વ્યાપક ટીકાઓ બાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિરોધીઓ પર વળતો પ્રહાર કર્યો છે. ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા એપ્લિકેશન 'ટ્રુથ સોશિયલ' પર આકરી પ્રતિક્રિયા આપતા વિરોધીઓને મૂર્ખ ગણાવ્યા છે. ઘણા અમેરિકી સાંસદો અને રાજકારણીઓએ ચેતવણી આપી હતી કે આ કરારથી ઈરાનની પરમાણુ મહત્વાકાંક્ષાઓ રોકાશે નહીં, ઉલટાનું ઈરાનને હોર્મુઝની સામુદ્રધુની પર વ્યૂહાત્મક ફાયદો મળશે. આ ટીકાઓનો જવાબ આપતા ટ્રમ્પે લખ્યું: "જે મૂર્ખ લોકો એવું વિચારે છે કે હું ઈરાન સામે પૂરતો કડક નથી રહ્યો, તેઓ કાં તો ઈર્ષાળુ છે, ખરાબ લોકો છે અથવા તો મૂર્ખ છે. જુઓ, શેરબજારે રેકોર્ડ સપાટી વટાવી દીધી છે અને ક્રુડ ઓઇલના ભાવ સતત ઘટી રહ્યા છે. મેક અમેરિકા ગ્રેટ અગેન!!!"

મોસ્કોની મુખ્ય ઓઇલ રિફાઇનરી ધમરોળી

યુક્રેનનો રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો

એરપોર્ટ પર ફ્લાઇટ્સ ખોરવાઈ: ઝેલેન્સ્કીને G7 સમિટમાંથી મળ્યું મોટું સમર્થન

મોસ્કો, તા. 18 (PTI). યુક્રેને એક સપ્તાહમાં બીજી વખત મોસ્કોની મુખ્ય ઓઇલ રિફાઇનરીને નિશાન બનાવી હતી અને શહેરના એરપોર્ટ પરથી કોમર્શિયલ ફ્લાઇટ્સ ખોરવી નાખી છે.

ચાર વર્ષ કરતાં વધુ સમયથી ચાલી રહેલા પડોશી દેશ પર રશિયાના સંપૂર્ણ આક્રમણ પછીના આ સૌથી મોટા ડ્રોન હુમલાઓમાંથી એક છે. એમ રશિયન અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

આ હુમલો યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીના એ નિવેદનના કલાકો પછી થયો હતો, જેમાં તેમણે જણાવ્યું હતું કે, તેમણે યુનાઇટેડ સ્ટેટ્સ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિઓ સાથે એક મહત્ત્વપૂર્ણ સંકલન કોલ કર્યો હતો અને આ અઠવાડિયે જી૭ સમિટમાંથી વધુ સમર્થનની મુખ્ય પ્રતિબદ્ધતાઓ મેળવી છે.

ઝેલેન્સ્કી ગુરુવારે મોડી રાત્રે નાટો અને યુરોપિયન યુનિયનના નેતાઓ સાથે વાટાઘાટો માટે બ્રસેલ્સ પહોંચે તેવી અપેક્ષા હતી, જેમાં બેલિસ્ટિક મિસાઇલો સામે રક્ષણ આપવા માટે ખંડીય પ્રણાલીના સંભવિત નિર્માણ અંગેની ચર્ચાઓ પણ સામેલ છે. રશિયાએ યુક્રેન પર આ પ્રકારની મિસાઇલોથી સતત હુમલા કર્યા છે, જેનો સામનો કરવામાં એર ડિફેન્સને સંઘર્ષ કરવો પડે છે.

યુક્રેને વારંવાર રશિયાની તેલ સુવિધાઓને નિશાન બનાવી છે, જેનો હેતુ યુદ્ધ માટે મોસ્કોની આવકમાં ઘટાડો કરવાનો અને રશિયનોને આક્રમણના પરિણામોનો અહેસાસ કરાવવાનો છે. કેટલાક વિસ્તારોમાં ઇંધણની અછતના અહેવાલો મળ્યા છે.

યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ એક્સ પર જણાવ્યું હતું કે, "આજે સવારે મોસ્કોવાસીઓ દ્વારા પૂછવામાં આવતો સૌથી લોકપ્રિય પ્રશ્ન એ છે કે 'શું ચાલી રહ્યું છે?' હું જવાબ આપી શકું છું. તમારા દેશે અમારા દેશ સામે આક્રમક યુદ્ધ શરૂ કર્યું છે. વર્ષોથી તે અમારા લોકોને મારી રહ્યું છે.

હવે જ્યારે તમે જાણો છો કે શું ચાલી રહ્યું છે, ત્યારે પુતિનને પૂછો કે તેઓ તેને ક્યારે ખતમ કરવાનું વિચારી રહ્યા છે." રશિયન મીડિયા દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરો અને વીડિયોમાં ક્રેમલિનથી લગભગ ૧૫ કિલોમીટર (૯ માઇલ) દૂર આવેલી મોસ્કો ઓઇલ રિફાઇનરીમાં ભીષણ આગ લાગી હોવાનું જોવા મળી રહ્યું છે. શહેર પર ધુમાડાના ઘટ્ટ કાળા વાદળો ઉડતા દેખાયા હતા.

વર્સેલ્સના કાચ મહેલમાં ટ્રમ્પે અચાનક કીધું: 'ડીલ સાઈન કરવી છે, પ્રિન્ટર શોધો!'

માર્કો રુબિયોએ પ્રિન્ટર માટે દોડધામ કરવી પડી

પેરીસ : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાન વચ્ચેના ઐતિહાસિક શાંતિ કરાર પાછળ ફ્રાન્સના પ્રખ્યાત 'પેલેસ ઓફ વર્સેલ્સ' માં મોડી રાત્રે એક હાઈ-વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. ફ્રેંચ રાજદ્વારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા યોજાયેલા રાત્રિભોજન દરમિયાન ટ્રમ્પે અચાનક જ આ કરાર પર હસ્તાક્ષર

...અનુસંધાન પાના 15 પર

જમવાની પ્લેટો હટાવીને સહી કરાઇ

ત્યાં હાજર પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, મહેમાન હજુ ડિનર લઈ રહ્યા હતા ત્યારે જ ટેબલ પરથી જમવાની પ્લેટો તાત્કાલિક હટાવવામાં આવી હતી, જેથી અંગ્રેજી અને ફારસી (Farsi) ભાષામાં પ્રિન્ટ થયેલા કરારની નકલો ત્યાં ગોઠવી શકાય. આશરે 30 જેટલા ખાસ મહેમાનોની હાજરીમાં, ટ્રમ્પે દસ્તાવેજનો ટૂંકમાં જોયો અને સહી કરતાં પહેલાં હસતાં હસતાં કહ્યું: "આ સરળ નહોતું, હું તમને ખાતરી આપું છું!"

તા. ૧૮-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૫.૧° સે.	૨૮.૬° સે.	૬૩%